હિલવુડ સ્કૂલ પાસે બાર દિવસથી ઉભરાતી ગટર બાળકોના આરોગ્ય માટે ગંભીર ખતરો

@ગાંધીનગર

ગણેશોત્સવ-ચોથો દિવસ

● સે-૧૬ બ્રહ્મ સમાજ ભવન ખાતે રાત્રે ૮-૦૦ કલાકે રાજીવ વ્યાસ એન્ડ ગ્રુપ મ્યુઝીકલ નાઈટસનો કાર્યક્રમ યોજાશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે જીતુભાઈ દ્વારકાવાળાનું હાસ્યનું હુલ્લડ તથા ગોવિંદ અને ગોપાલની ભજનિક જુગલ જોડીનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રાજેશભાઈ મહેડુ સાથી કલાકાર શિલ્પા પંડિત સાથે ગુજરાતી ગીત ગઝલનો સુમધુર કાર્યક્રમ પ્રસ્તુત કરશે.

● સે-૨-સી ગણેશ ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે બાળકોનો ડાન્સનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯-૦૦ કલાકે કોલવડાના ધર્મેન્દ્ર નાયકના સુરમધુર મ્યુઝીકલ ગ્રુપનો કાર્યક્રમ યોજાશે.

● સે-૩-એ વગડાવાળી માતાજીના મંદિરે રાત્રે ૯-૦૦ કલાકે મ્યુઝીકલ ઓરકેસ્ટ્રાનો શૉ યોજાશે.

● સે-૪-સીમાં લતાબેન અમરસિંહ બગેરીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૮૭/૨ ખાતે રાત્રે ૮-૦૦ કલાકે મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

ગાંધીનગરના પારૂલ પરમારની વધુ વૈશ્વિક સિધ્ધિ

વર્લ્ડ ચેમ્પિયનશીપ પદક યાદીમાં ભારતનો બીજો ક્રમ : એક સિલ્વર-એક ગોલ્ડ મેળવી ૧૧ મેડલ સાથે વર્લ્ડ રેન્કીંગમાં પ્રથમ ક્રમ જાળવી રાખ્યો

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતનું ગૌરવ, ગાંધીનગરની શાન અને અર્જુન એવોર્ડ વિજેતા બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે ફરી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનો ડંકો વગાડયો છે. ગાંધીનગરની પારૂલ પરમારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ હાંસલ કર્યા છે અને ગાંધીનગરનું નામ વિશ્વ સ્તરે ઝળહળતું કર્યું છે.

બ્રિટનના સ્ટોક મેન્ડેવલી ખાતે ચાલુ વર્ષે ૮ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૫ યોજાઈ હતી. જેમાં ભારતમાંથી કુલ ૨૧ રમતવીરોએ ભાગ લીધો હતો.

પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની પારૂલ પરમાર અને ડેનમાર્કની જુલી થરાનેની જોડીએ મહિલા ડબલમાં સિલ્વર મેડલ જયારે પંજાબના ખેલાડી રાજકુમાર સાથે પારૂલ પરમારની જોડીએ મીક્ષ ડબલમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો અને ગુજરાત સહિત ભારતમાં ગાંધીનગરનું નામ ઝળહળતું કર્યું છે. દર બે વર્ષે યોજાતી પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભારતે કુલ ૧૧ મેડલ સાથે કોરિયા પછી બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાથે જ પારૂલ પરમારે વર્લ્ડ પેરા બેડમિન્ટન રેન્કમાં ફર્સ્ટ નંબર પણ જાળવી રાખ્યો છે.

● બ્રિટના સ્ટોક મેન્ડવેલીમાં આયોજીત પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૫માં વિશ્વના ૬૪ દેશોના ૨૫૮ રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં ભારતના ૨૧ રમતવીરોનો સમાવેશ થાય છે.

● પેરા બેડમિન્ટન રમતમાં પારૂલ પરમારે આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યાર સુધીમાં ૧૭ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૨૭ મેડલ હાંસલ કર્યા છે.

બ્રિટેન ખાતે યોજાયેલી પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપના પૂર્વે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગર સાંઈ કેમ્પસ ખાતે આર.કે. નાયડુના નેતૃત્વમાં આ તમામ ખેલાડીઓ માટે ૭ દિવસના વિશેષ કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિણામે કેમ્પમાં ખેલાડીઓને કોચ ગૌરવ ખન્નાએ તાલીમ આપી પ્રેરક બળ પુરું પાડયું હતું. ગાંધીનગરની પારૂલ પરમારે વર્લ્ડ ચેમ્પિયન શીપમાં શ્રેષ્ઠત્તમ પ્રદર્શન કરી ફરી એક વાર વર્લ્ડ રેન્કીંગમાં ટોચના સ્થાને રહી પોતાનો દબદબો કાયમ જાળવી રાખ્યો છે.

વાતવાતમાં

● સે-૩-બી ખાતે યોજાયેલ ગણેશ મહોત્સવ મેદાનમાં વરસાદના કારણે પાણી ભરાઈ જવા પામ્યું હતું. આજે બે ટ્રેકટર ભરી રેતી નાંખી ગ્રાઉન્ડ સરખું કરાયું છે હવે વરસાદનું વિઘ્ન નડે નહીં તે માટે વિઘ્નહર્તાને મનોમન પ્રાર્થના કરાઈ રહી છે.

● સે-૭માં દેરાસર સામે બે મોટા ભૂવા પડયાં. આ ભૂવા એટલે ધૂણવાવાળા ભૂવા નહી પરંતુ વરસાદી પાણીના કારણે જમીન બેસી જવાથી પડેલા મોટા ખાડા પડયાં છે.

● સે-૨૨માં કાલે ચાલુ વરસાદે ટયુશનથી પરત ફરી રહેલ એક બાળક અંધારાના કારણે ખાડામાં પડી ગયો હતો. આ દશ્ય ઘણા રહીશોએ જોયું પરંતુ કોઈ તેની મદદે નહોતું ગયું છેવટે એક યુવાને વરસાદમાં જઈને બાળકને ખાડામાંથી બહાર નીકળવા મદદ કરી હતી.

● સવારના સમયે ઘ દોઢ પાસે એક ગ્રાહક ફુલ ખરીદવા ગયો તો આ ગ્રાહક માટે બે લારીવાળી બહેનો વચ્ચે તકરાર થવા પામી હતી. છેવટે ગ્રાહક ત્યાંથી રવાના થઈ ગયો પણ બંનેનું ધ્યાન લડામાં જ રહ્યું.

● સે-૧૫ ફતેપુરા પ્રા. શાળાના આચાર્ય હંસાબેન વાસુદેવ શુકલ આગામી ઓકટોબરમાં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. નિવૃત્તિની આગોતરી ઉજવણી કરતા તેમણે બ્રહ્મભવન ખાતે સ્વજનો અને શુભેચ્છકોને જમાડયાં હતાં.

● ફરીથી પાટીદાર આંદોલનના પગલે મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ આવ્યો છે. પ્રતિબંધ લાગુ પડતા પહેલા નગરના નેટીઝન્સે આ બાબતે અઢળક ચબરાકિયાં ફરતા કર્યા હતા. જેમાં કેટલાકે તો દિવાળીની શુભેચ્છાઓ પણ અત્યારથી પાઠવી દીધી હતી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

જીપીએસસીની મુખ્ય પરીક્ષા જાન્યુઆરી માસમાં ઠેલાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૧૯

વિવાદો, ફરિયાદો અને ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે સપડાયેલી જીપીએસસીની ડિસેમ્બર માસમાં યોજાનાર મુખ્ય પરીક્ષાની તારીખ બદલી આ પરીક્ષા એક માસ પાછળ ધકેલી જાન્યુઆરી માસના બીજા અઠવાડીયામાં લેવાશે તેવી શકયતા સૂત્રોએ વ્યકત કરી છે. જો કે આ પરીક્ષા પાછળ ઠેલવાનું કારણ ડિસેમ્બર માસમાં એક સાથે જ જીપીએસસી અને યુપીએસસી પરીક્ષા આવતી હોવાનું મનાઈ રહ્યું છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આઠ વર્ષના લાંબા સમય બાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલી અધિકારી વર્ગ ૧-૨ ની પરીક્ષા શરૂઆતથી વિવાદોના વંટોળ વચ્ચે સપડાઈ છે.

આ મામલે પ્રિલિમ પરીક્ષા બાદ અનેક ગેરરીતિ અને પેપરમાં છબરડા સામે આવતા અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. આયોગે આ તમામ વિવાદ હોવા છતા ગત માસમાં જ પ્રિલીમની લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું અને તુરંત મુખ્ય પરીક્ષા માટે ૬ ડિસે.થી ૧૨ ડિસે. ૨૦૧૫ માટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો ત્યારે હવે આ જીપીએસસીની મુખ્ય પરીક્ષા એક માસ પાછળ એટલે કે જાન્યુઆરી ૨૦૧૬માં ધકેલાય તેવી શકયતાઓ છે. અને ૧૫ જાન્યુઆરી પછીની કોઈ તારીખ નક્કી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. આ પરીક્ષા પાછળ ધકેલવાનું કારણ યુપીએસસી અને જીપીએસસીની એક જ માસમાં આવતી પરીક્ષા હોવાનું પણ માનવામાં આવે છે.

હસ્તકલા વિભાગનાં ડાયરેકટર સરકારી ગાડી લઈને ખરીદી કરવા ગયા ત્યાં સુધીમાં ગાડીમાંથી બેગની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના સેકટર-૧૯ પ્લોટ નં. ૨૨૮/એ ખાતે રહેતા અને હસ્તકલા વિભાગના ડાયરેકટર તરીકે સેવા આપતા દિનેશકુમાર ચૌરીલાલ શર્મા ગઈ સાંજે સરકારી ગાડી લઈને સે-૨૨ શોપીંગમાં ખરીદી કરવા ગયા હતા તેમની ગાડીનું લોક ખોલીને કોઈ શખ્સ ગાડીમાં પડેલું એક પર્સ ચોરીને ભાગી ગયો હતો. પર્સમાં કેટલાક ડોકયુમેન્ટસ અને મોબાઈલ હતો. રૂ. ૧૩૦૦ની મત્તાની ચોરી અંગેહસ્તકલા વિભાગના ડાયરેકટરે ફરીયાદ આપતા સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સેકટર-૮માં એન.આર.આઈ. નાં બંગલામાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સેકટર-૮માં એનઆરઆઈના બંગલામાં તસ્કરોએ ખાતર પાડયું હતું. અમેરીકાથી આવ્યા બાદ બંગલા માલીક મકાનને તાળુ મારી પોતાના ગામ નારદીપુર એક મરણ પ્રસંગે ગયા હતા. ત્યાંથી પરત ફર્યા તો બંગલાનું તાળુ તુટેલુ જોયું હતું. બંગલામાં ઘુસીને તસ્કરો તિજોરીના ડ્રોઅરમાંથી ૪૧૦૦ ડોલર (રૂ. ૨,૭૦,૬૬૦ ઈન્ડીયન કરન્સી) ઉપાડીને ફરાર થઈ ગયા હતા. બંગલામાલીક એનઆરઆઈ વિષ્ણુભાઈ પટેલની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

તાળુ તોડીને બંધ બંગલામાં ઘુસેલા તસ્કરો ૪૧૦૦ ડોલર ઉપાડી ગયા

અમેરીકામાં રહીને બિઝનેસ સંભાળતા એન.આર.આઈ. વિષ્ણુભાઈ પુંજીરામ પટેલ મુળ કલોલ તાલુકાના નારદીપુર ગામના વતની છે અને હાલ તેમનું પરિવાર સેકટર-૮-બી પ્લોટ નં. ૫૩૯ ખાતે રહે છે. તાજેતરમાં પરિવારના એક સભ્યના મૃત્યુને પગલે અમેરીકાથી વિષ્ણુભાઈ પટેલ ગાંધીનગર આવ્યા હતા. ૧૪ સપ્ટેમ્બરે સે. ૮ના બંગલેથી પરીવાર સાથે નારદીપુર ગયેલા વિષ્ણુભાઈ ગઈકાલે પરત સે. ૮ના મકાનમાં પહોંચ્યા ત્યારે જોયું તો તાળુ તુટેલુ હતુ. કોઈ શખ્સો આ સમયગાળા દરમ્યાન તેમના બંગલાને નિશાન બનાવીને દરવાજાનું તાળુ તોડી અંદરથી તિજોરીના ડ્રોઅરમાંથી ૪૧૦૦ ડોલર (રૂ. ૨,૭૦,૬૦૦)ની ચોરી અંગે એનઆરઆઈ વિષ્ણુભાઈ પટેલે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપતા પી.એસ.આઈ. વી.પી. બોડાણાએ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હિલવુડ સ્કૂલ પાસે બાર દિવસથી ઉભરાતી ગટર બાળકોના આરોગ્ય માટે ગંભીર ખતરો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સે-૨૫ જીઆઈડીસીમાં કેમ્બે રિસોર્ટની બાજુમાં હિલવુડ સ્કૂલ પાસે બે ગટરો છેલ્લા બારેક દિવસથી ઉભરાઈ રહી છે. આ ગટરો ઉભરાવાથી અત્યંત ગંદકી તથા રોગજન્ય જીવાણુઓનો ફેલાવો થવા પામ્યો છે જેના કારણે શાળાના બાળકોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે. શાળા સંચાલકો દ્વારા ગેઝીયા અને સેકટર-૨૪ ઈન્કવાયરીમાં રજૂઆતો કરવામાં આવી છે છતાં બંને દ્વારા 'આ અમારામાં નથી આવતું' જેવા જવાબો આપી સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે.

છેલ્લાં બારેક દિવસથી કેમ્બે રિસોર્ટ અને હિલવુડ ઈન્ટરનેશનલ સ્કૂલના કેમ્પસ વચ્ચે આવેલા રસ્તા પર બે ગટરો ઉભરાઈ રહી છે અને તેમાંથી દુર્ગંધયુકત ગંદુ પાણી બહાર આવી ખાબોચિયાં સ્વરૂપે ભરાઈ જવા પામ્યું છે. આ ગંદકીયુકત પાણીમાં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ થવા પામ્યો છે. હાલ સમગ્ર રાજયમાં ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ સહિતનો ઋતુજન્ય રોગચાળો પ્રસરી રહ્યો છે ત્યારે આ જીવજંતુઓના ઉપદ્રવથી શાળાના બાળકોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થવા પામ્યો છે. હિલવુડ સ્કૂલના સંચાલકો દ્વારા સૌ પ્રથમ ગેઝીયામાં લેખિત ફરિયાદ આપવામાં આવી હતી. ફરિયાદ આપવા છતાં કોઈ પગલાં ન લેવાતા ગેઝીયામાં તપાસ કરી તો જવાબ મળ્યો કે આ બાબત અમારા કાર્યક્ષેત્રમાં નથી આવતી તમે સે-૨૪ની ઈન્કવાયરી ઓફિસમાં ફરિયાદ કરો. છેવટે સે-૨૪ની સુવિધા ખાતે પણ ફરિયાદ કરી પણ ત્યાંથી બે ત્રણ દિવસ પછી એ જ જવાબ મળ્યો કે આ અમારા કાર્યક્ષેત્રમાં નથી આવતું.

ગેઝીયા અને સે-૨૪ ઈન્કવાયરીમાં શાળા સંચાલકોની રજૂઆત : અમારા કાર્યક્ષેત્રમાં આવતું નથી કહી બંને છટકયા : શાળા સંચાલકો ચિંતામાં છે જયારે તંત્ર ચલકચલાણી રમાડી રહ્યું

શાળા સંચાલકોને હવે મુંઝવણ છે કે આ સમસ્યા અંગે કોને ફરિયાદ કરવી. વળી સાથે સાથે એ પણ ચિંતા છે કે આ ગંદકીનો જો તાત્કાલિક નિકાલ નહીં કરાય તો બાળકોનું આરોગ્ય જોખમાશે. રોગજન્ય જીવાણુઓના ભોગ બની કોઈ બાળકનો જીવ જોખમમાં મુકાશે તો એ અંગે કોણ જવાબદાર રહેશે? તે સવાલ શાળા સંચાલકોને સતાવી રહ્યો છે ત્યારે બીજી તરફ ગેઝીયા અને સે-૨૪ ઈન્કવાયરી તંત્ર દ્વારા ગંભીર સમસ્યાની ભારોભાર અવગણના કરાઈ રહી છે.

સાહિત્ય સભા દ્વારા આયોજીત 'સર્જકની કેફીયત' કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા 'સર્જકની કેફીયત' અંતર્ગત હાસ્ય કટાર લેખક નિરંજન ત્રિવેદીનો કાર્યક્રમ આગામી તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ યોજાનાર હતો. આ સાહિત્યિક કાર્યક્રમ આકસ્મિક અને અનિવાર્ય કારણોસર મોકુફ રાખવામાં આવેલ છે. જેની નોંધ લેવા સાહિત્યકારો, સાહિત્યરસિકો તેમજ સર્વ સભ્યોને સંસ્થાના મંત્રી મુળજીભાઈ પરમાર 'દધિ'એ અનુરોધ કર્યો છે.

આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે ઓઝોન દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ દ્વારા ઓઝોન ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિજ્ઞાન શિક્ષક ભાવનાબેન સ્વામી અને વિદ્યાર્થી હિરવા પટેલ, મીત રાજવંશી, મિહિર સોલંકીએ ઓઝોન પડમાં થતા નુકસાનથી સજીવ સૃષ્ટિ અને પર્યાવરણ પર થતી અસરો તથા તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતી આપી હતી.

ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ દ્વારા આયોજિત ક્વિઝ સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આર જી કન્યા વિદ્યાલય દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળાનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. ગિયોડ-અંબાજી માતાનું મંદિર, વિરેશ્વર મહાદેવ, શરણેશ્વર મહાદેવ, પોળોનું જંગલ, ખેડબ્રહ્મા વગેરે સ્થળોએ વિદ્યાર્થીનીઓએ પ્રવાસ માણ્યો હતો. ૧૬૬ વિદ્યાર્થીઓ આ પ્રવાસમાં જોડાઈ હતી, જેમની સાથે ૧૨ શિક્ષકો પણ જોડાયા હતા. પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીનીઓએ મન ભરીને કુદરતને માણી હતી અને હરણાવ ડેમની સુંદર ફોટોગ્રાફી પણ કરી હતી.

ઘર કંકાસથી કંટાળી યુવાને સુઘડ કેનાલમાં પડતુ મુકયુ

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ નરોડા વિસ્તારનો યુવાન ઘર કંકાશથી કંટાળી જઈને ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળી ગયો હતો. તેનો મૃતદેહ આજે સુઘડ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો છે. મૃતદેહ મળ્યા બાદ પોલીસે બપોરે શબવાહીની માટે સિવિલમાં કોલ કરી દીધો હતો. સાડા છ થયા બાદ પણ શબવાહીની ન આવતા ફરી પોલીસે કરેલા ફોનમાં સણસણતો જવાબ મળ્યો કે શબવાહિની બંધ છે, કલેકટરને ફોન કરશો તો પણ નહીં આવે...! ચાર કલાક સુધી મૃતદેહ કેનાલ બહાર રઝળ્યો હતો. મૃતદેહ કોહવાઈ ગયો હોવાથી ખાનગી વાહનચાલકો પણ મૃતદેહ પી.એમ. સુધી લઈ જવા તૈયાર થતા ન હતાં...!

શબવાહીની બંધ છે, કલેકટરને ફોન કરશો તો પણ નહીં આવે... કહી સિવિલ સત્તાવાળા છુટી પડતા મૃતદેહ ચાર કલાક રઝળ્યો

સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાંબિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો હતો. અડાલજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાંખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે મૃતકની ઓળખ થઈ હતી. નરોડાનાં કઠવાડા વિસ્તારનાં ૩૬ વર્ષીય પરિણીત યુવાન અશોક ડાહ્યાભાઈ પરમાર ઘર કંકાસથી કંટાળી ગયો હતો. પતિ-પત્નિ વચ્ચે ઝગડો થયા બાદ ત્રણ દિવસ પહેલા અશોક પરમાર ઘરેથી નીકળી ગયો હતો અને સુઘડ કેનાલમાં આપઘાત કરી લીધો હતો. પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શબવાહીની માટે કોલ કર્યો અને અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી. જોકે શબવાહિની ચાર કલાક બાદ પણ ના આવતા અંતે ફરી પોલીસે ફોન કર્યો ત્યારે સિવિલ સત્તાવાળા તરફથી પોલીસને એવો જવાબ મળ્યો કે શબવાહિની બંધ છે તમે કલેકટરને ફોન કરશો તો પણ શબવાહીની નહીં આવે...! મૃતદેહ ફોગાઈ ગયેલો હોવાથી અન્ય ખાનગી વાહનમાં પણ કોઈ લઈ જવા તૈયાર થતુ ન હતું...!

જીવ કલ્યાણ સંસ્થાની આજે માસિક સભા

ગાંધીનગર,તા.૧૯

જીવ કલ્યાણ સંસ્થા દ્વારા સર્વ જીવ કલ્યાણ હેતુસર કામ કરતી ગાંધીનગરની જીવ કલ્યાણ સંસ્થાની માસિક સભા તા. ૨૦મી સપ્ટમ્બરે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞ ખંડમાં સાંજે પાંચ વાગે યોજાશે. રસ ધરાવતા નગરજનોને હાજર રહેવા માટે પ્રમુખશ્રી કે.બી. વ્યાસ અને મંત્રીશ્રી અરવિંદભાઈ કનાડાએ જણાવેલ છે.

બી.પી.એલ. મહિલા લાભાર્થીને મફત કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ભારત તેમજ ગુજરાત સરકારની રોજગારલક્ષી 'દિન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના' અન્વયે ગાંધીનગર જિલ્લાના બી.પી.એલ. વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે ચેકાઉન્ટીંગ, ટેલીકોર્ષ, બેઝીક કોમ્પ્યુટર્સ કોર્સ, સ્પોકન ઈંગ્લિશ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ કોર્ષ શીખવવામાં આવશે. કોર્ષમાં જોડાનાર વિદ્યાર્થીઓ માટે રહેવાની જમવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ કોર્ષમાં જોડાવા ઈચ્છુક બી.પી.એલ. લાભાર્થી મહિલા ઉમેદવાર ધો. ૧૨ પાસ, તેમજ ૧૮ થી ૩૫ વર્ષના હોવા જોઈએ. ૧ ઓક્ટોબર-૨૦૧૫થી તાલીમ કોર્ષની શરૂઆત થશે. ભાગ લેવા ઈચ્છુક મહિલા ઉમેદવારોએ મો. ૯૪૨૮૭૩૬૯૫૧ તેમજ અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ પ્લોટ નં. ૨૧૯, સે. ૩-બી ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

દુંદાળા દેવના આગમને જ મેઘરાજા મહેરબાન

રથયાત્રા અને જન્માષ્ટમીએ મેઘના રીસામણા જયારે વિઘ્નહર્તાના ઉત્સવમાં રૂમઝુમ પધાર્યા

ગાંધીનગર, તા.૧૯

ગણપતિ આયો બાપ્પા.... મેઘરાજાને સાથે લાયો રે... જેવા ગીતો ગાઈને શ્રધ્ધાળુઓ ગણેશ મહોત્સવને ઉત્સાહપુર્વક ઉજવી રહ્યા છે. નગરમાં વિવિધ સ્થળોએ ગણેશ પંડાલ ઉભા કરાયા છે. જેમાં વિઘ્નહર્તા દેવ ઉપર અતિ શ્રધ્ધા હોય તેમ પહેલેથી જ વરસાદથી રક્ષણ થાય તેવા આવરણ લગાવી દેવાયા છે અને આ શ્રધ્ધાના સથવારે દુંદાળા દેવના ઉત્સવમાં મેઘરાજા પણ ઝુમી ઉઠવા પધારી રહ્યા છે જેથી લોકોમાં ગજાનન દેવ પ્રત્યે શ્રધ્ધાનો ધોધ વહ્યો છે.

નગરમાં દર વર્ષે ગણેશ પંડાલ ઉભા કરી વિઘ્નહર્તા દેવને બિરાજમાન કરવાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. શાસ્ત્રોકત મુજબ દરેક દેવની પૂજા કરતાં પહેલા ગણેશજીની પૂજા પ્રથમ કરવી એ ભગવાન શંકરે આપેલું વરદાન છે તે મુજબ ગણપતિદાદાનું સૌ કોઈ પ્રથમ પૂજન કરે છે. ગણેશ મહોત્સવના આગમન પહેલા દોઢ માસથી મેઘરાજાના રીસામણાં હતા. અન્ય દેવોના પ્રસંગ જેવા કે રથયાત્રા અને જન્માષ્ટમીએ પણ મેઘરાજાએ રીસામણા અકબંધ રાખ્યા હતા. અતિશય ગરમી અને ઉકળાટ ભરેલું વાતાવરણ સૌ કોઈને અકળાવતું હતું. વધુમાં વાવેતર કરેલા ઉભા પાક બળીને મુરઝાઈ જઈ રહ્યા હતા ત્યારે દુંદાળા દેવ વિઘ્નહર્તા

ગણેશજીનો ઉસવ ગુરુવારથી શરૂ થયો છે. ગુરુવારના રોજ ઢોલ નગારા, ડીજે અને શરણાઈના સુરોની સુરાવલી સાથે શ્રધ્ધાળુઓએ હરખઘેલા બની ગણપતિ મહારાજને વિવિધ સ્થળોએ શ્રધ્ધાપૂર્વક પૂજન અર્ચન કરીને બિરાજમાન કર્યા છે.

લંબોદરાયના બિરાજમાન થયા પછીના બીજા જ દિવસે મેઘરાજાએ રીસામણા છોડી વિઘ્નહર્તાના ચરણોમાં રૂમઝુમ આવીને શિશ નમાવી દીધું છે. રાજય તથા નગરમાં સર્વત્ર વરસાદી મહેરથી ઠંડકનો અહેસાસ થઈ ગયો છે. લોકોમાં પણ મેઘરાજાના આગમનથી ખુશીની લહેર પ્રસરી ગઈ છે. ખેડૂતો પણ આનંદમાં આવી ગયા છે. જેથી દુંદાળા દેવ પ્રત્યે શ્રધ્ધા વધી ગઈ છે અને ઠેર ઠેર ગણપતિ પંડાલોમાં શ્રધ્ધાપૂર્વક નિત્ય આરતી, સ્તુતી અને પ્રસાદ સાથે વિઘ્નહર્તાના ગુણગાન વધી ગયા છે. સાંસ્કૃતિક પ્રસંગોના થયેલા આયોજનમાં પણ લોકોનો ઉત્સાહ બેવડાયો છે. આમ વક્રતુંડાય દેવના આગમને જ સર્વત્ર મેઘરાજાની પધરામણી શુભ સંકેત પાઠવે છે.

ચિરવિદાય

- સ્વ. શારદાબેન રમેશભાઈ વાઘરી, ઉ.વ. ૪૦
- સ્વ. સોનીબેન અમરાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. મહેશભાઈ ભગવાનદાસ ઠકકર, ઉ.વ. ૭૦
- સ્વ. જયંતિલાલ નથ્થુભાઈ વૈશ્ય, ઉ.વ. ૭૧
- સ્વ. કૈલાસબેન વિક્રમભાઈ ઓડ, ઉ.વ. ૩૦
- સ્વ. મહેન્દ્ર રાજુભાઈ દાતણીયા, ઉ.વ. ૨૦